જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૫/૯/૨૦૧૪ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૨૬૫/૧૪**

## ચોરીના એકટીવા સાથે છેલ્લા ૨ વર્ષથી નાસતા ફરતા ઇસમને જબ્બે કરતી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાશં શુકલ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી ક્રાઇમબ્રાંચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એચ.સરવૈયા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની શહેર વિસ્તારના નાસતા ફરતા આરોપી પકડવા અંગેની કાર્યવાહી કરવાનું જણાવતાં અમદાવાદ શહેર વિસ્તારમાં પો.ઇ.શ્રી જે.એચ.સરવૈયા સાહેબ નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન ફરતા ફરતા જી.પી.ઓ. સલાપસ રોડ પાસે આવતાં સાથેના પો.કો. નિશારઅહેમદ ઉસ્માનમિયા નાઓએ બાતમી હકીકત આપેલ કે, એક ઇસમ નામે મહમદ આસીફ અહેમદભાઇ સૈયદ નો કે જેણે શરીરે ગ્રે લાઇનીંગ વાળો શર્ટ તથા વાદળી કલરનુ જીન્સ પેન્ટ પહેરેલ છે જે ઇસમ ચોરીનું એક્ટીવા ગ્રીન સીલ્વર કલરનું કબાડી માર્કેટ તરફથી આવી મુરાદ સહીદની દરગાહની બાજુમાં આવેલ તેના ગેરેજ તરફ જવાનો છે. વિગેરે મતલબની બાતમી હકીકત આધારે મહમદ આસીફ ઉર્ફે બુલેટવાલા અહેમદભાઇ સૈયદ ઉવ.૨૯ ધંધોઃગેરેજકામ રહે, મ.નં.૧૪૮૦, સુબેખાનની ચાલી, પથ્થરકુવા પેટ્રોલ પંપ પાછળ, કારંજ, અમદાવાદ શહેર નાનો ચોરીના એક્ટીવા સાથે મળી આવેલ. જેને સદરહું એક્ટીવા બાબતે પુછપરછ કરતાં આજથી બે વર્ષ અગાઉ પાલડી, સેફાલી કોમ્પલેક્ષ ના પાર્કિંગમાં રહેતો મગન મારવાડી નાએ આપેલાનું જણાવેલ. જેથી આ બાબતે મુદ્દામ ખાત્રી કરતાં એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૭૩/૧૨ ધી ઇપીકો કલમ ૩૭૯ ગુનો નોંધાયેલ હોવાની હકીકત જણાયેલ.. જેથી સદરહું આરોપીને ઉપરોકત ગુનામાં નાસતો ફરતો હોય તેને આજરોજ તા.૦૫/૦૯/૨૦૧૪ ના ક.૧૪/30 વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)એ મુજબ પકડી અટક કરેલ છે. અને એક્ટીવા કિ.રૂ.૧૦,૦૦૦/- નું ગણી સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરવામાં આવેલ છે. તપાસ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવામાં આવેલ છે.

**ફોર વ્હીલ વાહનોના ચાલક ડ્રાઇવરોની નજર ચુકવી ડેસ્ક બોર્ડ ઉપર મુકેલ ચોરી કરેલ મો. ફોન કિમત રૂ.૧૦,૦૦૦/-ના મુદ્દામાલ સાથે સંજય દાતણીયાને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ**

અમદાવાદ શહેરમાં અવાર નવાર ફોર વ્હીલ વાહનના ડેસ્ક બોર્ડ ઉપર મુકેલ મોબાઇલ ફોન ચોરીના ગુન્હાઓ બનેલ હોય જે અનડીટેકટ મોબાઇલ ફોન ચોરીના ગુન્હાઓ શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નર શ્રી શિવાનંદ ઝા સાહેબનાઓએ સુચના આપેલ હોય જે સુચના અનુસંધાને ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ નાયબ પોલીસ કમિશ્નરશ્રી હિમાંશુ શુકલા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એમ.ડી.ચૌધરી સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કોર્ડ-૧ ના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટર આર.બી.રાણા સાહેબના સ્કોર્ડના પોલીસ સબ ઇન્સ્પેકટર જે.એન.ઝાલા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન શાહપુર કામા હોટલની સામે રોડ આવતા સાથેના પો.કો. શૈલેષકુમાર જશુજીનાઓને મળેલ બાતમી હકિકત આધારે સંજયભાઇ ભોલાભાઇ દાતણીયા ઉવ.૨૩ રહેઃ રામદેવપીરની ચાલી, યોગેશ્વર ચોક, શંકરભુવન, શાહપુર, અમદાવાદ શહેરનાને ચોરી કરેલ ઇન્ટેક્ષ કંપનીનો મોબાઇલ ફોન કિમત રૂ.૧૦,૦૦૦/-ની મતા સાથે ઝડપી પાડી C.R.P.C. કલમ ૪૧(૧)ડી મુજબ તા.૦૪/૦૯/૨૦૧૪ ના રોજ પકડી અટક કરવામાં આવેલ છે.સદર મોબાઇલ ફોન બાબતે તપાસ તજવીજ દરમ્યાન સદર મોબાઇલ ફોન " માધવપુરા પોલીસ સ્ટેશન I ગુ.ર.નં.૧૭/૨૦૧૪ I.P.C. કલમ ૩૭૯ મુજબના ગુન્હાના કામે ચોરીએ ગયેલ મુદ્દામાલ હોય સદર ગુન્હો શોધવામાં આવેલ છે.અને વધુ તપાસ થવા સારુ માધવપુરા પોલીસ સ્ટેશન તરફ મોકલી આપેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.